અંક-૨ Year 2006-2007 વર્ષ-૨

A MIRROR OF THIS COLLEGE

# આરસી
# AARSI

S.L.U.Arts and H. & P. Thakore Commerce College for Women

Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006
Phone No. (079) 26576197, 26578942 Fax No. (079) 26576197
E-mail : slu_college@yahoo.com
Website : www.gujaratstree.org

**પ્રારંભે........**



વૈશ્વિકરણનાં આ યુગમાં શિક્ષણજગતમાં નવા આયામો-પડકારો અને પ્રશ્નો ઊભા થયા છે. વર્તમાન સમયમાં શિક્ષણની તરાહ, માપદંડો અને મૂલ્યાંકનો બદલાયાં છે. જ્ઞાનની નવી ક્ષિતીજોને આંબવા અનેક પ્રકારની માંગ ઊભી થઈ છે. પરિવર્તન પામતા આ સમાજમાં નવી પેઢી સાથે શિક્ષક અને શિક્ષણ-સંસ્થાઓએ નવા કદમ ઉઠાવવાના છે. જેમાં ઔપચારિક શિક્ષણની સાથે જાગૃત અને ચેતનવંતો નાગરિક, જ્ઞાન અને કૌશલ્યથી ભરપૂર એવો global citizen વૈશ્વિક નાગરિક બને એ અપેક્ષિત છે. એક બાજુ પરંપરાગત સંસ્થાઓ છે બીજી બાજુ અત્યાધુનિક વૈશ્વિકકક્ષાની સંસ્થાનું નિર્માણ થઈ રહ્યું છે. આવા સંજોગોમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ માત્ર ઔપચારિક ન બની જાય પરંતુ આત્મીયતાવાળો બને અને વૈશ્વિક સ્તરની તાલીમ આપવા માટે શીખવું અને શીખવવાની (Teaching & Learning) પધ્ધતિમાં ધરખમ ફેરફાર લાવવા જરૂરી છે. જો કે આ સ્વપ્નની સાથે કેટલીક વાસ્તવિક્તાઓ પણ છે. એક બાજુ પ્રથમ હરોળના વિદ્યાર્થીઓ છે. તો બીજી બાજુ વંચિત સમૂહો અને કુટુંબોના First learners પ્રથમ અભ્યાસી વિદ્યાર્થીઓને સામેલ કરી આગળ વધારવાના સંનિષ્ઠ પ્રયાસો કરવાના છે. આ બંને વિરોધાભાસી સ્થિતિ હોવા છતાં સમયાંતરે એક પ્રવાહમાં ભળે એ શિક્ષક તરીકેની અમારી ફરજ છે.

શહેરની મધ્યમાં આવેલી એસ.એલ.યુ.આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ 'શૂન્યમાંથી સર્જન'નો રાહ અપનાવે છે. અહીં આવનાર સમાજના નિમ્ન કે મધ્યમવર્ગની વિદ્યાર્થિનીઓની શક્તિઓ અને મર્યાદાઓ-બંને પાસાંને ધ્યાનમાં લેવાય છે. અમારા તમામ અધ્યાપકો દ્વારા અમે વર્ષ દરમિયાન વિવિધ બૌધ્ધિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ આદરીએ છીએ કે આ વિદ્યાર્થિનીઓ ત્રણ વર્ષને અંતે એમની સુષુપ્તશક્તિનો વિકાસ કરી આગળ વધવા સજ્જ બને છે અને એ અંગેનું દિશાસૂચન તેઓને મળી રહે છે. We are not here to teach we are here to show them how to learn - જીવનલક્ષી શિક્ષણ માટે વ્યક્તિગત માર્ગદર્શન અને વર્તમાન પ્રવાહમાં ભળવા માટે અદ્યતન લાયબ્રેરી, ઈન્ટરનેટની સુવિધા, અદ્યતન શૈક્ષણિક સાધનો અને પધ્ધતિઓ અને યુવામાનસને ગમે તેવું મોકળાશભર્યું શૈક્ષણિક વાતાવરણ, જ્યાં જુદા જુદા વિષયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આંતરક્રિયા થાય, ચર્ચા-સભા યોજાય, પ્રશ્નોત્તરી થાય અને ક્વીઝ, કાવ્યપઠન, સાહિત્ય સર્જન, સંશોધન પેપરો લખાય અને આ બધું પારસ્પરિક એવી સુંદર રીતે વણાઈ જાય જેમાંથી અમને એમની સર્જન શક્તિનો સાચો ચિતાર મળે. આ અમારી 'આરસી'માં પ્રતિબિંબિત થાય છે.

'આરસી'નું સર્જન અમારા પરિવારનો સહિયારો પ્રયત્ન છે. એમાં ઉત્તરોત્તર ગુણવત્તા વધતી જશે એની અમને ખાત્રી છે. શ્રેષ્ઠતાની શોધ અવિરત અને લાંબી હોય પણ દિશા સાચી, નિયત શુધ્ધ અને પુરુષાર્થની મક્કમતા મને ભવિષ્ય માટે આશાવાદી બનાવે છે. સહિયારા પુરુષાર્થનું આ પ્રાગટ્ય બધાંને ઉપયોગી થશે જ.

એસ.એલ.યુ.પરિવારનું આ નજરાણું આપ સૌ સહર્ષ સ્વીકારશો એજ આશાના સૂરમાં....

**- ડૉ. સિરાલી મહેતા**

પ્રિન્સીપાલ, એસ.એલ.યુ.કોલેજ